**GJVD020367492023**

**રે મુ.નં.૪૯૦/૨૦૨૩**

**–:: <u>આંક– ૦૧ લગત હુકમ</u> ::–**

(૧) રેકર્ડ વંચાણે લીધુ. સદર કેસ ઘણો જુનો છે. સદર કામે હાલના વાદીએ પ્રોબેટ અરજ નં. ૬/૨૦૦૯ દાખલ કરેલી અને ત્યારબાદ સદર અરજ તકરારી થતા નવો નંબર ૧૪૨/૨૦૦૯ દાખલ થયેલ અને ત્યારબાદ તેનો રે.દી. મુ. નં.૪૯૦/૨૦૨૩ આપવામા આવેલ છે. આ કામે અરજદારના પુરાવા પર કામ ચાલે છે. સદર કામે અરજદાર હાજર ન રહેતા તેઓને આંક–૧૦ તથા આંક–૧૧ થી નોટીસ કરતા મકાન વેચીને અન્ય જગ્યાએ રહેવા જતા રહેલ છે તેવો શેરો આવેલ અને આંક–૧૨ થી પ્રતિવાદી મરણ ગયેલાનું નોટીસમા આવેલ અને આંક–૧૨/૧ થી તેમનો મરણનો દાખલો રજુ કરવામાં આવેલ છે. વાદીને આંક–૧૩ મુદ્દા ઘડયા બાદ પણ આંક–૧૪ થી નોટીસ કરતા તેઓ તે જ જણાવેલ સરનામે રહેતા નથી તેવા શેરા સાથે નોટીસ વગર બજે પરત ફરેલ છે. આમ સબબ કામે વાદી ઘણા સમયથી હાજર ન રહેતા હોય પ્રતિવાદી ગુજરી ગયેલ હોવા છતા કોઈ કાર્યવાહી કરેલ ન હોય અને વારંવાર નોટીસ કરતા તેઓ જણાવેલ સરનામે રહેતા ન હોય કોઈ કામગીરી કરેલ નથી કે પુરાવા રજુ કરેલ નથી. આજરોજ પણ વાદી તથા તેમના વિ.વ.શ્રી વારંવાર પોકાર કરવા છતા તેઓ જાતે કે વકીલ મારફતે હાજર થયેલ નથી કે કોઈ મુદત રીપોર્ટ રજુ કરેલ નથી કે પુરાવો રજુ કરેલ નથી કે આગળની કોઈ કાર્યવાહી કરેલ નથી આમ, હાલનો દાવો વાદીઓને ચલાવવામા કોઈ રસ હોય તેવું જણાય આવતુ ન હોય ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: <u>હુકમ</u> ::–**

(૧) હાલનો દાવો વાદી ની ગેરહાજરીના કારણે ડીસમીસ કરવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજ રોજ તારીખ ૦૪ થી, માહે જુલાઈ, સને ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

**તારીખ : ૦૪/૦૭/૨૦૨૪**
**વડોદરા**

**(સુનંદા પ્રશાંત દુલેરા),**
**૨ જા એડી.સીની.સીવીલ જજ, વડોદરા**
**(જજ કોડ નં.જીજે ૦૮૮૭)**